IIT-ગાંધીનગરના 7મા પદવીદાન સમારોહમાં 328 વિદ્યાર્થીને પદવી એનાયત

# અજાણી બાબતોનો સામનો કરવામાં ક્યારેય હાર ન માનો : અનુ આગા

**નવગુજરાત સમય** > અમદાવાદ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરનો ૭મો પદવીદાન સમારોહ શનિવારે યોજાયો હતો. જેમાં ટીચ ફોર ઈન્ડિયા સંસ્થાના ચેરપર્સન અનુ આગા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતાં. તેમણે વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ જીવન જીવવાની સાથે સામાજિક સમસ્યાઓ બાબતે સંવેદનશીલ બનવાની સલાહ આપી હતી.

અનુ આગાએ પોતે જેનો સામનો કરેલો એવા અંગત અને વ્યાવસાયિક જીવનના પડકારો વિશે વાત કરતાં વિદ્યાર્થીઓને જણાવ્યું કે, દરેક બાબત થોડા વખત માટે જ હોય છે, તેનો સ્વીકાર કરવો. દરેકનો ક્યારેક નાશ થવાનો જ છે, અજાણી બાબતોનો સામનો કરવામાં હાર ન માનવી, યુવા વયે જ પોતાના આરોગ્ય અને સ્વાસ્થ્ય વિશે સભાનતા કેળવવી સૌથી જરૂરી હોય છે.



**21 વિદ્યાર્થીઓને ગોલ્ડ, 11ને સિલ્વર અને 16 બ્રોન્ઝ મેડલ અપાયા**

આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર પ્રો. સુધીર જૈને સંસ્થાની દસ વર્ષની સફર વિશે વાત કરતા કહ્યું કે, સરકાર તરફથી રોજિંદા વહીવટ માટે મદદ મળે છે, બાકી આ સંસ્થા ફિલાન્થ્રોફી ફંડના આધારે સફળતાપૂર્વક ઘણા પ્રોજેક્ટ પર કામ કરી શકે છે.

આ પ્રસંગે 328 વિદ્યાર્થીને ડિગ્રી એનાયત થઈ હતી. જેમાં બી.ટેક.ના 112, બી.ટેક.,એમ.ટેક. ડ્યૂઅલ ડિગ્રીના 2, એમ.ટેક.ના 96, એમ.એસસી.ના 78, એમ.એ.ના 14, પીએચડીના 24 અને પીજીડીઆઈઆઈટીના 2 વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. આ પૈકી 47 વિદ્યાર્થીને શિક્ષણ, આઉટસ્ટેન્ડિંગ રિસર્ચ, ઓવરઓલ પર્ફોર્મન્સ, ઈનોવેશન, લીડરશીપ, સોશિયલ સર્વિસ, આર્ટસ એન્ડ કલ્ચર તેમજ સ્પોર્ટસ કેટેગરીમાં મેડલ એનાયત થયા છે. 21 વિદ્યાર્થીને ગોલ્ડ, 11ને સિલ્વર અને 16 બ્રોન્ઝ મેડલ અપાયા હતા.

દરમિયાન, આ વખતે 40 ટકાથી વધુ બી.ટેક.ના વિદ્યાર્થી સ્ટડી અબ્રોડ પ્રોગ્રામ અંતર્ગત વિદેશની સંસ્થાઓમાંથી શિક્ષણ લઈ શક્યા છે. 48 વિદ્યાર્થી આગળ અભ્યાસ માટે વિવિધ સંસ્થાઓમાં જશે, જ્યારે 121 કંપનીએ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લીધો હતો, જેમાં ઓઈલ કોર્પોરેશન લિમિટેડ, કેડિલા ફાર્માસ્યુટિકલ્સ, ટેસ્ટબુક એજ્યુ. સોલ્યુશન્સ, આરતી ઈન્ડસ્ટ્રી, કેપજેમિનિ ઈન્ડિયા, કોગ્નિઝેન્ટ ટેક્નોલોજી સોલ્યૂશન્સ, અમૂલ, ગોલ્ડમેન સેશેસ, જીએસએફસી, એચપી, આઈઓસી, ઈસરો, આઈટીસી, ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ, મેગા, ટીસીએસ ટેક્નોલોજી, ટાટા ટ્રસ્ટ જેવી કંપનીઓ હતી. તેમાં 82 ટકા વિદ્યાર્થીના પ્લેસમેન્ટ્સ થયા છે.

**Title:** Do not hesitate to face unforeseen circumstances: Anu Aga

**Source:** Navgujarat Samay (Pg. No. 5)

Link: http://epaper.navgujaratsamay.com//imageview_423_62241152_4_71_29-07-2018_5_i_1_sf.html

**Date:** 29.07.2018